


» અમેરિકામાં કેનેડી સેન્ટર ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સ નામની પ્રતિષ્ઠિત સંસ્થામાં વર્તમાન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પોતાનું નામ ઘૂસાડી દીધું હતું અને તેને ટ્રમ્પ-કેનેડી સેન્ટર એવું નામ આપી દીધું હતું. કેનેડી સેન્ટરના ટ્રસ્ટીઓએ આ બાબતે અદાલતમાં અરજી કરતા કોલંબિયાની ડીસ્ટ્રીકટ કોર્ટે આદેશ આપ્યો હતો કે સંસદની મંજૂરી વિના આ રીતે નામ બદલી શકાય નહીં. આ ચુકાદાના અમલ થોડો સમય રોકવાની ન્યાય વિભાગની અપીલ પણ કોર્ટે ફગાવી દેતા છેવટે કામદારો કેનેડી સેન્ટર પરથી ટ્રમ્પનું નામ દૂર કરવાના કામમાં લાગી ગયા હતા જે તસવીરમાં જોઇ શકાય છે.

# પ્રથમ ટ્રિલિયોનર ઈલોન મસ્ક ટેક્સાસમાં 400-સ્કવેર-ફૂટના ઘરમાં રહે છે

**અઢળક** સંપત્તિ હોવા છતાં મસ્કનું અંગત જીવન અને રહેણીકરણી એકદમ સાધારણ



ન્યૂયોર્ક, તા. 13: સ્પેસએક્સ એક પબ્લિકલી ટ્રેડેડ કંપની (શેરબજારમાં લિસ્ટ થાય તેવી કંપની) બન્યા પછી ઈલોન મસ્કે એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે, જેનાથી તેઓ ઈતિહાસમાં ટ્રિલિયોનર બનનાર પ્રથમ વ્યક્તિ બન્યા છે. પરંતુ તેમની આટલી અઢળક સંપત્તિ હોવા છતાં, મસ્કનું અંગત જીવન અને રહેણીકરણી આશ્ચર્યજનક રીતે એકદમ સાધારણ છે. તેમનું રોજિંદું ઘર ટેક્સાસમાં એક નાનું પ્રિફેબ્રિકેટેડ ઘર છે.

2020માં ટેક્સાસમાં રહેવા ગયા પછી અને તેમની કંપનીઓને ત્યાં શિફ્ટ કર્યા પછી મસ્કે કેલિફોર્નિયામાં તેમની મોટા ભાગની લક્ઝરી પ્રોપર્ટીઝ વેચી દીધી હતી. તેમણે ઓસ્ટિન નજીક આશરે 35 મિલિયન યુએસ ડોલરની કિંમતની કેટલીક નવી પ્રોપર્ટીઝ ખરીદી હતી, પરંતુ તેમણે જણાવ્યું છે કે તેમનું મુખ્ય નિવાસસ્થાન ટેક્સાસના બોકા ચિકામાં સ્પેસએક્સની સ્ટારબેઝ ફેસિલિટી નજીક આવેલી એક ઘણી નાની જગ્યા છે.

મસ્કે 2021માં ખુલાસો કર્યો હતો કે, તેઓ આશરે 50,000 યુએસ ડોલરની કિંમતના ઘરમાં રહે છે, જે તેઓ સ્પેસએક્સ પાસેથી ભાડે રાખે છે.

# ખામેનેઇની અંતિમ વિધિ જુલાઇમાં થશે

**આ** દિવંગત સર્વોચ્ચ નેતાની અંતિમ યાત્રા, દફન વિધિ અને તે પછીના કાર્યક્રમો ૪થી ૯ જુલાઇ દરમ્યાન થશે

**યુદ્ધની** શરૂઆતમાં જ અમેરિકાના હુમલામાં તેમની સાથે માર્યા ગયેલા તેમના પુત્રી અને જમાઇની દફન વિધિ પણ ત્યારે જ થશે

**ખામેનેઇને** શિયાઓના અગ્રણી સંત ઇમામ રઝાની દરગાહમાં દફનાવવામાં આવશે

ઈસ્લામાબાદ, તા. ૧૩(એપી): ઈરાનની સરકારી સમાચાર એજન્સીએ શનિવારે જણાવ્યું હતું કે તેના પૂર્વ સર્વોચ્ચ નેતા આયતોલ્લા અલી ખામેનેઈની દફન વિધિ જુલાઈમાં યોજાશે, જ્યારે કે મધ્યસ્થીઓના કહેવા પ્રમાણે યુદ્ધનો અંત લાવવા માટે કરાર થવાની તૈયારી ચાલી રહી છે. ઈરાનના સરકારી ટેલિવિઝન(IRIB) ના અહેવાલ મુજબ, ખામેનેઈ માટે અંતિમ સંસ્કાર, દફનવિધિ અને વિદાય સમારંભો ૪ થી ૯ જુલાઈ વચ્ચે યોજાશે. ફેબ્રુઆરીના અંતમાં ઈઝરાયેલ અને અમેરિકા દ્વારા ઈરાન વિરૂદ્ધ શરૂ કરવામાં આવેલા યુદ્ધના પ્રારંભિક હુમલામાં ખામેનેઈ માર્યા ગયા હતા. ત્યારપછી તેમના સ્થાને તેમના પુત્ર મોજતબાને નિયુક્ત કરવામાં આવ્યા છે, જેમને વધુ કડક વલણ ધરાવતા નેતા તરીકે જોવામાં આવે છે.

ખામેનેઈ માટે અંતિમ સંસ્કારની વિધિઓ તેહરાનથી શરૂ થવાની અપેક્ષા છે, અને ત્યારબાદ આ અંતિમયાત્રા ઘણા વરિષ્ઠ શિયા ધર્મગુરુઓના ગઢ ગણાતા કોમ શહેરમાં જશે, અને ત્યાંથી તેમના જન્મસ્થળ મશહદ જશે, જ્યાં તેમને ઈમામ રઝા દરગાહમાં દફનાવવામાં આવશે, જેને શિયા શ્રદ્ધાળુઓમાં સૌથી પવિત્ર સ્થળોમાંનું એક માનવામાં આવે છે. ફેબ્રુઆરીના તે હવાઈ હુમલામાં માર્યા ગયેલા ખામેનેઈના પુત્રી અને જમાઈના અંતિમ સંસ્કાર પણ તે જ દિવસે કરવામાં આવશે. અલી ખામેનેઈએ તેમના પુરોગામી ખોમેની કરતાં ઘણો લાંબો સમય શાસન કર્યું. તેમણે શિયા ધર્મગુરુઓના વર્ગનો મોટો વિસ્તાર કર્યો અને અર્ધલશ્કરી દળ 'રિવોલ્યુશનરી ગાર્ડ'ને પોતાના શાસનને ટકાવી રાખનારા સૌથી મહત્વપૂર્ણ તંત્ર તરીકે વિકસાવ્યું. આ ગાર્ડ દેશનું સૌથી ચુનંદું સૈન્ય બળ, બેલિસ્ટિક મિસાઈલના ભંડારનું વડું મથક અને એક વિશાળ લશ્કરી તેમજ વ્યાપારી સંસ્થા બની ગયું, જેનો પ્રભાવ ઈરાનના તમામ આર્થિક ક્ષેત્રો પર છે.

# TMC સાંસદ અભિષેક બેનર્જીના નિવાસે મળસ્કે પોલીસના દરોડા

**કથિત** નાણાકીય ગેરરીતિ સંદર્ભમાં અભિષેક બેનરજીના અંગત સહાયક સુમીત રોયને શોધવા પોલીસ ટીમે દરોડો પાડ્યો

**દોઢ** કલાક સુધી શોધખોળની કાર્યવાહી ચાલી, મમતા બેનરજી ભત્રીજાના ઘરે પહોંચ્યા, કાર્યવાહી ચાલી ત્યાં સુધી રોકાયા

**દરોડામાં** સુમિત રોય નહીં મળ્યા, પોલીસ ટીમ ખાલી હાથે પાછી ફરી

કોલકાતા, તા. ૧૩(PTI) પશ્ચિમ બંગાળમાં રાજકીય ગરમાવો વધારનારી એક વહેલી સવારની કાર્યવાહીમાં, પોલીસે કેન્દ્રીય દળોની સાથે મળીને શનિવારે અહીં તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના સાંસદ અભિષેક બેનર્જીના નિવાસસ્થાને એક કથિત નાણાકીય છેતરપિંડીના કેસમાં તેમના નજીકના સહયોગીની શોધમાં કેટલાક કલાકો સુધી દરોડા પાડ્યા હતા, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું.

પશ્ચિમ મેદિનીપુરના સાલબોની પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલી આ કાર્યવાહીમાં કોલકાતા પોલીસના જવાનો પણ જોડાયા હતા. વહેલી સવારે લગભગ ૨ વાગ્યે શરૂ થયેલી આ કાર્યવાહીને કારણે ભારે વિવાદ સર્જાયો હતો, જેમાં ટીએમસીએ તેને રાજકીય બદલાની ભાવના ગણાવી હતી, જ્યારે ભાજપના નેતાઓએ ભારપૂર્વક કહ્યું હતું કે તપાસકર્તાઓ માત્ર કાયદાકીય પ્રક્રિયાનું પાલન કરી રહ્યા હતા. ભુતપૂર્વ મુખ્યમંત્રી અને ટીએમસી સુપ્રિમો મમતા બેનર્જી તાત્કાલિક અભિષેકના કાલીઘાટ સ્થિત નિવાસસ્થાને પહોંચ્યા હતા અને સર્ચ ઓપરેશન પૂરું ન થયું અને પોલીસ ત્યાંથી નીકળી ન ગઈ ત્યાં સુધી તેઓ ત્યાં જ રોકાયા હતા.

### તાળુ તોડીને પોલીસ ટીમ ઘરમાં પ્રવેશી

અધિકારીઓએ જણાવ્યું કે દરોડા પાડવા આવેલી પોલીસ ટીમે અભિષેકના ઘરના દરવાજા વારંવાર ખખડાવ્યા હતા પરંતુ કોઈ જવાબ ન મળતા તેમને લગભગ ચાર કલાકો સુધી બહાર રાહ જોવી પડી હતી. સવારે લગભગ ૭.૩૦ વાગ્યે પોલીસ ટીમ ત્યાંથી રવાના થયા બાદ અભિષેકે પત્રકારોને જણાવ્યું હતું કે, "તેઓએ તાળું તોડ્યું અને આખા ઘરની તલાશી લીધી. તેઓએ લગભગ દોઢ કલાક સુધી તપાસ કરી. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું રોય ત્યાંથી મળી આવ્યા હતા, તો ટીએમસી નેતાએ કહ્યું, તમારે આ સવાલ એ પોલીસને પૂછવો જોઈએ જેણે મારા ઘરની ઝીણવટભરી તપાસ કરી છે. હું પોલીસનો પ્રવક્તા નથી. રાજ્યસભાના સાંસદ સાગરિકા ઘોષે આરોપ લગાવ્યો હતો કે પોલીસ સવારે લગભગ ૩ વાગ્યે બેનર્જીના નિવાસ્થાને પહોંચી હતી અને ત્યારબાદ સર્ચ શરૂ કરતા પહેલા તાળું તોડવા માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમને બોલાવવામાં આવી હતી.

## પેજ3

### સુનીતા આહુજાએ બાળકોને મિલકતમાંથી બેદખલ કર્યા?



મુંબઈ, તા. 13: ગોવિંદાની પત્ની સુનીતા આહુજા છેલ્લા કેટલાક સમયથી ઘણી ચર્ચામાં છે. ક્યારેક તે રિયાલિટી શોને લઈને સમાચારોમાં આવી જાય છે તો ક્યારેક ગોવિંદાને ખરીખોટી સંભળાવીને. પરંતુ હવે તેણે કંઈક એવું કહી દીધું છે જે તેની પુત્રી ટીના આહુજા અને પુત્ર યશવર્ધન આહુજાને બહુ ગમવાનું નથી. હકીકતમાં સુનીતાએ પોતાની મિલકત કોઈ એવી વ્યક્તિને આપવાની જાહેરાત કરી છે જે તેમનું લોહી નથી. જી હા, આ દરમિયાન તે મીડિયા કર્મીઓ સાથે વાત કરી રહી હતી અને તેના હાથમાં એક કૂતરો હતો. આ કૂતરાને લઈને જ તેણે જાહેરાત કરી કે તે તમામ મિલકત આ કૂતરાના નામે કરી દેશે.

# અમેરિકી લશ્કરે વેનેઝુએલામાં હુમલો કરીને ખૂંખાર માફિયા બોસને ઠાર કર્યો

**કુખ્યાત** 'ટ્રેન ડી અરાગુઆ' ગેંગના માફિયા ગિરેરો ફ્લોરેસને તેના અડ્ડા પર હુમલો કરીને મારી નાખવામાં આવ્યો

**ટ્રમ્પે** સહકાર બદલ વેનેઝુએલા સરકારનો આભાર માન્યો, હુમલાનો વીડિયો સોશ્યલ મીડિયા પર મૂક્યો

વૉશિંગ્ટન, તા. ૧૩: અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે જણાવ્યું હતું કે, અમેરિકાના એક ઝડપી અને ઘાતક હુમલામાં હેક્ટર રસ્થેનફોર્ડ ગિરેરો ફ્લોરેસ માર્યો ગયો છે, જેને તેમણે 'ટ્રેન ડી અરાગુઆ' ગેંગનો કુખ્યાત નેતા ગણાવ્યો હતો.

અમેરિકા દ્વારા ટ્રેન ડી અરાગુઆ ગેંગને આતંકવાદી સંગઠન તરીકે જાહેર કરવામાં આવ્યું છે. સત્તાવાળાઓએ ડિસેમ્બરમાં જાહેરાત કરી હતી કે, ગિરેરો ફ્લોરેસ પર ન્યૂયોર્કની ફેડરલ કોર્ટમાં રેકેટિયરિંગ કાવતરું અને અન્ય ગુનાઓનો આરોપ મૂકવામાં આવ્યો હતો, જેમાં એક દાયકા કરતાં વધુ સમય સુધી ચાલેલા ગુનાઓમાં આતંકવાદીઓને સમર્થન આપવાનો પણ સમાવેશ થાય છે. અમેરિકાના વિદેશ વિભાગે ફ્લોરેસની ધરપકડ તરફ દોરી જાય તેવી માહિતી આપનાર માટે ૫૦ લાખ ડોલરનું ઈનામ જાહેર કર્યું હતું.

સંરક્ષણ મંત્રી પીટ હેગસેથે X પર પોસ્ટ કર્યું કે આ હુમલો અઠવાડિયાની શરૂઆતમાં વેનેઝુએલામાં ટ્રેન ડી અરાગુઆના એક અડ્ડા પર કરવામાં આવ્યો હતો. અમેરિકી એટર્ની જય ક્લેટોને તે સમયે જણાવ્યું હતું કે આ ગેંગ ઉત્તર અમેરિકા, દક્ષિણ અમેરિકા અને યુરોપમાં અસંખ્ય હિંસક કૃત્યો, ખંડણી અને ડ્રગ્સની હેરાફેરી માટે જવાબદાર છે. ટ્રમ્પે ગુરુવારે ક્લેટોનને ડાયરેક્ટર ઓફ નેશનલ ઈન્ટેલિજન્સ તરીકે નિયુક્ત કર્યા હતા. રાષ્ટ્ર પ્રમુખે તેમના સોશિયલ મીડિયા પેજ પર આ હુમલાનો એક વીડિયો પણ શેર કર્યો હતો.






## આસામે ૧૮ વર્ષથી વધુ ઉંમરના લોકોને આધાર આપવાનું બંધ કર્યું

ગુવાહાટી, તા. ૧૩ (પીટીઆઈ) આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ શનિવારે જણાવ્યું હતું કે, ગેરકાયદે ઇમિગ્રન્ટ્સ આ દસ્તાવેજ મેળવી ન શકે તે સુનિશ્ચિત કરવા માટે કેબિનેટે નિર્ણય લીધો છે કે, ૧૮ વર્ષથી વધુ ઉંમરના લોકોને આધાર કાર્ડ જારી કરવામાં આવશે નહીં. અહીં કેબિનેટ બેઠકની અધ્યક્ષતા બાદ પત્રકાર પરિષદમાં સીએમ સરમાએ જણાવ્યું હતું કે, અપવાદરૂપ કિસ્સાઓમાં જિલ્લા કમિશનરે કાર્ડ જારી કરવાની પરવાનગી મેળવવા માટે રાજ્ય સરકારને પ્રસ્તાવ મોકલવો પડશે.

મુખ્યમંત્રીએ પત્રકારોને જણાવ્યું હતું કે, ત્યાર બાદ સરકાર નક્કી કરશે કે અરજદાર કાર્ડ માટે પાત્ર છે કે નહીં. રાજ્યમાં આધાર કાર્ડ જારી કરવાની પ્રક્રિયા સેચ્યુરેશન પોઇન્ટ (મહત્તમ મર્યાદા) પર પહોંચી ગઈ હોવાનું નોંધતાં સરમાએ જણાવ્યું હતું કે, "કેટલાક જિલ્લાઓમાં તે ૧૦૦ ટકાનો આંકડો વટાવી ગયો છે અને આપણે એ શોધવું જ પડશે કે આ વધારાના આધાર કાર્ડ મેળવનારા આ લોકો કોણ છે."

આસામના મુખ્યમંત્રીએ કહ્યું, ''કોઈપણ ગેરકાયદે બાંગ્લાદેશીઓને આધાર કાર્ડ ન મળે તે સુનિશ્ચિત કરવા માટે આ પગલું લેવામાં આવી રહ્યું છે. જોકે, ચાના બગીચાના સમુદાય, અનુસૂચિત જનજાતિ (એસટી), અનુસૂચિત જાતિ (એસસી) અને વિકલાંગ લોકોને આધાર કાર્ડ આપવાનું ચાલુ રહેશે, કારણ કે ઘણા લોકોને હજી સુધી કાર્ડ મળવાના બાકી છે.

# શત્રુ બેલિસ્ટિક મિસાઈલને તોડી પાડવાની ક્ષમતાનું સફળ પરીક્ષણ

**સ્વદેશી** મલ્ટિ લેયર BMDનું પરીક્ષણ સફળ રહ્યું, આ ક્ષમતા ધરાવતા ચુનંદા દેશોમાં ભારત શામેલ

**નેવલ** એન્ટી-શિપ મિસાઈલ-મીડિયમ રેન્જ (NASM-MR) નો પ્રથમ ફ્લાઇટ ટેસ્ટ પણ સફળ




### પરીક્ષણ પહેલા ઓડિશામાં ૧૧ ગામ ખાલી કરાવાયા

ઓડિશાના બાલાસોર જિલ્લામાં DRDOના નિર્ધારિત મિસાઇલ ટેસ્ટ પહેલાં બંને દિવસ 11 ગામો ખાલી કરાવવામાં આવ્યા હતા. ચાંદીપુર સ્થિત ઇન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ (ITR) ના લોન્ચ પેડ-3 ના 3.5 કિમીની ત્રિજ્યામાંથી 11,442 લોકોને અસ્થાયી રૂપે સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા હતા. જો કે, ટેસ્ટિંગ પછી સાંજે તેમને ઘરે પરત ફરવાની મંજૂરી આપી દેવામાં આવી હતી.

નવી દિલ્હી, તા. ૧૩: ભારતે આ અઠવાડિયે તેની મલ્ટી-લેયર્ડ બેલિસ્ટિક મિસાઈલ ડિફેન્સ સિસ્ટમની ઈન્ટરકોન્ટિનેન્ટલ મિસાઈલોને આંતરીને નષ્ટ કરવાની ક્ષમતાનું પ્રદર્શન કરવા માટે અગ્રણી પ્લેટફોર્મ્સના સફળ પરીક્ષણો કર્યા છે, અને આ સાથે જ ભારત આ ક્ષમતા ધરાવતા દેશોના એક ચુનંદા જૂથમાં સામેલ થઈ ગયું છે. આ BMDs (બેલિસ્ટિક મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ્સ) આવી રહેલી લાંબી રેન્જની પરમાણુ મિસાઈલો અને AWACS(એરબોર્ન વોર્નિંગ એન્ડ કંટ્રોલ સિસ્ટમ્સ) સહિતના દુશ્મન વિમાનોને હવામાં જ તોડી પાડવા માટે સક્ષમ છે. અમેરિકા, રશિયા અને ચીન સહિત ખૂબ જ ઓછા દેશો બેલિસ્ટિક મિસાઈલ ડિફેન્સ (BMD) ક્ષમતાઓ ધરાવતા હોવાનું જાણીતું છે. ઈઝરાયેલ પાસે પણ આ ક્ષમતા હોવાનું કહેવાય છે.

સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આવી રહેલી મિસાઈલો સામે મલ્ટી-લેયર્ડ BMDનું પ્રદર્શન કરવા માટે ૧૦ અને ૧૧ જૂનના રોજ સતત ત્રણ ઉડાન-પરીક્ષણો કરવામાં આવ્યા હતા. આ પરીક્ષણો પૃથ્વીના વાતાવરણની અંદર અને બહાર, બંને સીમાઓમાં આવી રહેલી બેલિસ્ટિક મિસાઈલોને તોડી પાડવાની ક્ષમતા ચકાસવા માટે કરવામાં આવ્યા હતા. નેવલ એન્ટી-શિપ મિસાઈલ-મીડિયમ રેન્જ (NASM-MR) નું પ્રથમ ઉડાન-પરીક્ષણ પણ સફળતાપૂર્વક હાથ ધરવામાં આવ્યું હતું.

### ટેન્કર પર ઓમાન તટ નજીક હુમલો થયો હતો

# જીવતી મિસાઈલ સાથે ભારત પહોંચ્યું ઓઈલ ટેન્કર

**2000** કિમીની મુસાફરી કરી કોચ્ચિ આવ્યું ટેન્કર

**ઓઇલ** ટેન્કરમાંથી જીવતી મિસાઇલ બહાર કઢાઈ



કોચ્ચિ, તા. 13. ઈન્ડિયન નેવીએ સંયુક્ત આરબ અમીરાત (યુએઈ)ના ફુજૈરાહથી કોચ્ચિ આવેલા એક ઓઈલ ટેન્કરમાંથી જીવતી મિસાઈલને સુરક્ષિત રીતે બહાર કાઢીને એક મોટી દરિયાઈ દુર્ઘટના ટાળી દીધી છે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, 26 મેના રોજ ઓમાન તટ નજીક એમટી ઓલિમ્પિક ઓઈલ ટેન્કર પર હુમલો થયો હતો. આ શિપ પર માર્શલ આઈલેન્ડનો ઝંડો હતો. હુમલા બાદ મિસાઈલનું વોરહેડ ફાટ્યું નહીં, પરંતુ ટેન્કરના બહારના ભાગને ચીરીને ફ્યુઅલ ટેન્કમાં જઈને ફસાઈ ગયું. ટેન્કર અરબ સાગરમાં આશરે 2,000 કિલોમીટરની મુસાફરી ખેડીને કોચ્ચિ પહોંચ્યું હતું. 11 જૂનના રોજ ઈન્ડિયન નેવીએ હાઈ-રિસ્ક ઓપરેશન ચલાવીને મિસાઈલ વોરહેડને બહાર કાઢ્યું હતું. 26 મેના રોજ ઈન્ટરનેશનલ ન્યૂઝ એજન્સી રોયટર્સે જણાવ્યું હતું કે, ઓમાનની રાજધાની મસ્કતથી આશરે 1.8 કિલોમીટર દૂર ટેન્કરના ડાબા ભાગમાં પાણીની નજીક બ્લાસ્ટ થયો હતો. જોકે, ટેન્કરની કામગીરી સંભાળતી કંપની સ્પ્રિંગફીલ્ડ શિપિંગે જણાવ્યું હતું કે, કોઈ અજ્ઞાત વસ્તુએ ટેન્કરને ટક્કર મારી છે. ત્યાર બાદ ટેન્કર-ક્રૂએ અધિકારીઓને જણાવ્યું કે, ટેન્કરની અંદર એક જીવતી મિસાઈલનું વોરહેડ ફસાઈ ગયું છે. બ્લાસ્ટના કારણે ટેન્કરમાંથી થોડું તેલ પણ દરિયામાં વહી ગયું હતું. પરંતુ ટેન્કરે પોતાની મુસાફરી ચાલુ રાખી હતી.


